For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# દિવસે ઉત્તરાયણ, સાંજે નવરાત્રિ અને રાત્રે જાણે દિવાળીનો માહોલ સર્જાયો


(તસવીર: સતીષ જાદવ)

## ફાનસ ગાયબ થયા અને રમકડાનાં ફુગ્ગા આવ્યા

## અનુકૂળ પવનથી સુરતીઓએ જોશથી પતંગો ચગાવ્યા

**ધાબાઓ**-અગાસીઓ 'લપેટ, કાઈપો છે'ના નારાથી ગૂંજ્યા, સાંજે ડીજે-મ્યુઝિક સિસ્ટમના તાલે નાચગાન

**ધાબે** ઉંધિયા પાર્ટીનો ટ્રેન્ડ યથાવત, બચી ગયેલા પતંગને હવે સુરતીઓ રવિવારે ચગાવશે

સુરતઃ પક્ષીઓને બચાવવાની ટહેલ અને ઘટતી અગાસીઓને કારણે પતંગ ચગાવવાના ઘટી રહેલા ઉત્સાહની વચ્ચે પણ સુરતીઓએ ભારે જોશ સાથે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણની ઉજવણી કરી હતી. બે દિવસ અનુકૂળ પવન રહેતાં ...અનુસંધાન પાના 5 પર


લોકોએ ધાબા પર જ બપોરે હાઈટીનો આનંદ લીધો હતો. (ત.: સતીષ)

### વાસી ઉત્તરાયણના દિવસે પણ માહોલ જામ્યો

સુરતની કેટલીક સ્કૂલોએ 6 માસિક પરીક્ષાઓ નજીક આવી રહી હોવાથી બાળકો બે દિવસ ઉત્તરાયણની મજા માણી શકે એ માટે 15 જાન્યુઆરીએ પણ સ્કૂલોમાં રજા રાખી હતી. એના લીધે ઘણા સુરતી પરિવારોએ ઉત્તરાયણ હજીરાના સુંવાલી બીચ, દમણ, સેલવાસ, ...અનુસંધાન પાના 5 પર

### કરોડોનું ઊંધિયું, ઉંબાડિયું, ફાફડા, જલેબી, લોચા, ખમણ, ભજિયાં સુરતીઓ ઝાપટી ગયા

ઉત્તરાયણ નિમિતે સ્વાદપ્રિય સુરતીઓ કરોડોની કિંમતનું ઊંધિયું, ઉંબાડિયું, ફાફડા, જલેબી, લોચા, ખમણ, ભજિયાં ઝાપટી ગયા હતા. સુરતના ઘણા કેટરર્સને સોસાયટી, એપાર્ટમેન્ટ અને ઓલ્ડ સિટીના લોકોએ પાર્ટી ઓર્ડર આપ્યા હતા. સુરતી પોંક, પોંક વડાં, માટલાં ઊંધિયા અને ઉંબાડિયાની ખૂબ ડિમાન્ડ રહી હતી. ભાગળ, ચૌટા બજાર, ટીમલિયાવાડ-મજૂરાગેટ સહિતના વિસ્તારોમાં ફાફડા, જલેબી અને ઊંધિયુંની ખરીદી કરવા લોકોની ...અનુસંધાન પાના 5 પર



જીલાની બ્રિજનો વળાંક બંગાળી પરિવાર માટે 'જીવલેણ' બન્યો

# દોરીથી બચવામાં બાઈક સવાર દંપતી, પુત્રીના બ્રિજ પરથી પટકાતાં મોત

**મૂળ** પશ્ચિમ બંગાળનો અને સુરતમાં સૈયદપુરામાં રહેતો રેહાન શેખ પત્ની તેમજ પુત્રીને લઈને સુભાષ ગાર્ડનમાં જતો હતો

**બાઈક** પર દોરો પકડવાના પ્રયાસમાં એક્સિલેટર આપી દેતાં બાઈક બ્રિજની દીવાલ સાથે ટકરાઈ અને ત્રણેય ઉછળીને નીચે પડ્યાં

**પિતા**-પુત્રીના ઘટના સ્થળે જ અને માતાનું સારવાર દરમિયાન મોત થઈ ગયું

સુરતઃ ઉતરાયણના પાવન પર્વે જ્યાં શહેરભરમાં રંગબેરંગી પતંગો અને ખુશીની હવાઓ છવાઈ હતી, ત્યાં ચંદ્રશેખર આઝાદ (જીલાની) બ્રિજ પર એક હૃદયદ્રાવક અને ગોઝારો અકસ્માત થયો હતો. જેમાં બાઈકચાલકે ચાલુ બાઈકે પતંગનો દોરો હટાવવા પ્રયત્ન કર્યો અને બાઈક બ્રિજની દિવાલ સાથે ભટકાયું હતું અને બાઈકચાલક, તેની પત્ની તેમજ પુત્રી બ્રિજ પરથી સીધા 70 ફુટ નીચે પટકાયા હતા. નીચે પટકાતાં જ બાઈક ચાલક અને પુત્રીના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. જ્યારે ચાલકની પત્ની રિક્ષા પર પડતાં તેને ગંભીર ઈજા થઈ હતી. જેનું પણ બાદમાં મોત થઈ ગયું હતું.

આ કરૂણ ઘટનાની રાંદેર પોલીસ પાસેથી મળતી માહિતી ...અનુસંધાન પાના 5 પર





### 70 ફૂટ નીચે પટકાતાં પિતા-પુત્રી સીધા જમીન પર પટકાયાં, જ્યારે માતા રિક્ષા પર પડી

અકસ્માતમાં પિતા રેહાન અને દીકરી અલીશા સીધા રોડ પર પટકાયા હતા, જ્યાં ગંભીર ઈજાના કારણે બંનેનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. જ્યારે પત્ની રેહાના નીચે ઉભેલી એક રિક્ષા પર પટકાઈ હતી અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની હતી. તાત્કાલિક તેમને સારવાર માટે ...અનુસંધાન પાના 5 પર




### બાઈક બ્રિજ પર રહી ગઈ, સુરક્ષા ગાર્ડ ન હતો

અકસ્માત સમયે રેહાનની બાઈકની ઝડપ અંદાજે 60 કિ.મી./કલાક જેટલી હોવાનું જાણવા મળ્યું છે. બ્રિજના વળાંક પર પાળી (દીવાલ)ની ઊંચાઈ અંદાજે અઢીથી ત્રણ ફૂટ જેટલી હોવાથી બાઈક બ્રિજ પર અટકી ગઈ હતી, જ્યારે પરિવારના ત્રણેય સભ્યો નીચે પટકાયા હતા. મહત્વની વાત એ છે કે બાઈક પર પતંગની દોરીથી બચાવ માટેનો સેફ્ટી ગાર્ડ પણ લગાવવામાં આવ્યો ન હતો. સાથે સાથે ફ્લાય ઓવર બ્રિજ પર સેફ્ટી ગાર્ડ વિનાના વાહનોને અટકાવવા માટે કોઈ પોલીસ જવાન પણ હાજર નહોતો.

### હું રિક્ષા ચાલુ કરી રહ્યો હતો અને અચાનક મહિલા મારી રિક્ષા પર પડી: ચાલક ઈકબાલ પટેલ



આ ઘટનાના પ્રત્યક્ષદર્શી રિક્ષાચાલક ઇકબાલ પટેલે જણાવ્યું હતું કે, "હું ચા પીને રિક્ષા ચાલુ કરી રહ્યો હતો, એ સમયે અચાનક ઉપરથી કંઈક ભારે વસ્તુ મારી રિક્ષા પર પડ્યું. હું ગભરાઈ ગયો. બહાર આવીને જોયું તો એક મહિલા બેહોશ હાલતમાં મારી રિક્ષા પર પડી હતી અને થોડે દૂર રોડ પર એક પુરુષ અને એક બાળકી લોહીલુહાણ હાલતમાં પડેલા હતા. મહિલા એટલી જોરદાર પડી હતી કે રિક્ષાને ભારે નુકસાન થયું અને મારા હાથમાં પણ ઇજા પહોંચી હતી."

'ગુજરાતમિત્ર'એ ડુંગરા-જીઓર ગામની આસપાસ ચોપાસ પૂર્તિમાં પણ દાદીનો ઉલ્લેખ કર્યો હતો

# ડુંગરાનાં 114 વર્ષનાં ગંગાબાની અંતિમયાત્રા બેન્ડ સાથે નીકળી

**મૃત** પુત્રની ઇચ્છા હતી, માની અંતિમયાત્રા આ રીતે નીકળે, પૌત્રએ ફરજ નિભાવી



કામરેજઃ કામરેજના ડુંગરામાં રહેતા 114 વર્ષના ગંગાબાની અંતિમયાત્રા પૌત્રએ ફટાકડા ફોડી અને બેન્ડ સાથે કાઢી હતી.

ડુંગરા ગામમાં જૂના ફળિયામાં રહેતાં 114 વર્ષનાં ગંગાબેન ભીખાભાઈ પટેલના પૌત્ર સંજયભાઈ કહે છે કે, અમારા બા ...અનુસંધાન પાના 5 પર



બે વર્ષનો જાન્યુઆરીનો ઠંડીનો રેકોર્ડ સુરતમાં તૂટ્યો

# સુરતમાં ઉત્તરાયણની રાત સિઝનની સૌથી વધુ ઠંડી રાત, તાપમાન 13.2

**છેલ્લાં** છ વર્ષથી જાન્યુ.માં ઠંડી વધતી રહી હતી પરંતુ આ વખતે ઠંડીની ડિગ્રીનો નવો આંક નોંધાયો

સુરતઃ શહેરમાં જાન્યુઆરી મહિનાની ઠંડી ફરી એક વખત પોતાનો પ્રભાવ બતાવવા લાગી છે. છેલ્લા બે વર્ષથી નરમ રહેલી જાન્યુઆરીની રાતો બાદ આ વર્ષે ઠંડીનો જૂનો રેકોર્ડ તૂટી ગયો છે. વર્ષ ૨૦૨૬ના જાન્યુઆરીમાં લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી સેલ્સિયસ ...અનુસંધાન પાના 5 પર

### ઉત્તરાયણે નવસારી 11, વલસાડ 13, ભરૂચ 14, નર્મદામાં 10 ડિગ્રી તાપમાન

**નવસારીઃ** નવસારીમાં ઉત્તરાયણની રાત્રિનો પારો ગગડીને 11 ડિગ્રી થઈ ગયો હતો. જે સિઝનની સૌથી ઠંડી રાત રહી હતી. એક જ દિવસમાં તાપમાન 4 ડિગ્રી ઘટી ગયું હતું.

**વલસાડઃ** વલસાડમાં પણ ઉત્તરાયણના દિવસે રાત્રિનું તાપમાન ઘટીને 13 ડિગ્રી નોંધાયું ...અનુસંધાન પાના 5 પર

### ઉત્તરાયણે રાજ્યમાં ઠંડી વધી, પારો સરેરાશ 3 ડિગ્રી નીચે

ગાંધીનગરઃ રાજ્યમાં ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ પર્વ દરમ્યાન રાજ્યમાં કાતિલ ઠંડી અનુભવાઈ છે. આજે વાસી ઉત્તરાયણે ફરીથી ઠંડીનો પારો અચાનક નીચે ગગડી જવા સાથે સૌરાષ્ટ્રમાં અમરેલી ઠંડુગાર થઈ ગયું હતું. ઉત્તરાયણની રાત્રે અમરેલીમાં રાજ્યની સૌથી વધુ 6 ડિગ્રી નોંધાવવા પામી હતી. જ્યારે કચ્છના નલિયામાં 10 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી હતી. ...અનુસંધાન પાના 5 પર

# પરિવાર ટીવી સામે ગોઠવાઈ ગયું અને હેનિલે પ્રથમ મેચમાં જ 5 વિકેટ લીધી

**અંડર-19માં** ભારત વતી રમતાં વલસાડના જુજવા ગામના હેનિલ પટેલે પ્રથમ ઓવરમાં જ વિકેટ લઈને અનોખી સિદ્ધિ હાંસલ કરતાં પરિવારજનો ખુશ



વલસાડઃ ઝિમ્બાબ્વે અને નામિબિયામાં 15 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી સુધી યોજાનાર અંડર-19 વિશ્વકપની ગુરુવારે બુલાવાયા ખાતે રમાયેલી ભારત અને યુ.એસ.એ. વચ્ચેની પ્રથમ વન ડે મેચમાં ભારતીય ટીમના બોલર અને વલસાડના જૂજવા ગામના ખેડૂતપુત્ર હેનિલ પટેલે 7 ઓવરમાં 1 મેઈડન સાથે માત્ર 16 રન આપી 5 વિકેટ ઝડપી પોતાની પ્રથમ મેચમાં પ્રથમ ઓવરમાં વિકેટ મેળવી અનોખી સિધ્ધિ હાંસલ કરી હતી. હેનિલ પટેલની આ ઈનિંગને જોવા મોટ પરિવાર પહેલેથી જ ટીવી સામે ગોઠવાઈ ગયું હતું..

હેનિલના પિતા દિલીપભાઈ પટેલ સાથે 'ગુજરાતમિત્ર' સાથેની વિશેષ વાતચીતમાં જણાવ્યું હતું કે, હેનિલની ...અનુસંધાન પાના 5 પર

ઉઠામણું



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા વહાલા વડીલ મરહુમ શ્રી રૂસી ફરામરોઝ બેસાનીઆ ઉ.વર્ષ-૮૫ વર્ષ, ૧૪/૧/૨૦૨૬ના રોજ ગુજર પામ્યા છે જી. સદરહુની પાયદસ્તની ક્રિયા તા. ૧૫/૧/૨૦૨૬ના રોજ, ગુરુવાર, સવારે ૯.૩૦ કલાકે ઉમરવાડા સ્થિત ડુંગરવાડી મુકામે થઈ હતી. ઉઠમણાની ક્રિયા આજે તા.૧૬મી શુક્રવારે શહેનશાહી આતશબહેરામ, સૈયદપુરા મુકામે ૩:૪૫ થશે.

શોકાતુર પરિવાર
યાસ્મીન રૂસી બેસાનીઆ (પત્ની)
વિરાફ રૂસી બેસાનીઆ (પુત્ર)
હોરમઝ રૂસી બેસાનીઆ (પુત્ર)
દિલનાઝ વિરાફ બેસાનીઆ (પુત્રવધુ)
કેવિન વિરાફ બેસાનીઆ-આઝમીન વિરાફ બેસાનીઆ (દોહીત્ર/દોહીત્રી)

મરહુમ શ્રી રૂસી ફરામરોઝ બેસાનીઆ
મરણ તા. ૧૪/૧/૨૦૨૬

પાંચમી પુણ્યતિથિએ ભાવાંજલિ



સ્વ.પરેશભાઈ ગટુભાઈ શાહ
સ્વ.તા.૧૫-૦૧-૨૦૨૧

અમારી આંખોની ક્ષિતીજ થી તમે દૂર છો !
છતાં અમારા કંઠમાંથી ટહુકો થઇ રણકો છો !
અમારી પ્રાર્થનામાં શ્રધ્ધા થઇ ગવાઓ છો !
અમારા હ્રદયમાં ઉત્સવ થઇ ઉજવાઓ છો !
રંજ એ જ છે કે તમે નથી છતા છો !
અમારા હ્રદયમાં, અમારા ઉત્સવમાં.
પ્રભુ તમારા દિવ્ય આત્માને ચીર શાંતિ આપે.

ગં.સ્વ. માયા પરેશ શાહ (પત્ની)
રીકેશ પરેશભાઈ શાહ (પુત્ર)
ઉષ્મા રીકેશ શાહ (પુત્રવધુ)
યશ
હિરલ અર્પિતકુમાર શ્રોફ (પુત્રી)
અર્પિતકુમાર અજીતભાઈ શ્રોફ (જમાઈ)
વંશ-જીઆના
૬ અક્ષરધામ સોસાયટી અડાજણ

વ્હાલી ''માં''
નવમી માસિક પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. પાર્વતીબેન મોહનભાઈ પટેલ
સ્વ. તા. ૧૬/૦૪/૨૦૨૫
(ભીમરાડ ગામ)

ચંદન સમુ જીવન જીવી સુખ સહુને દઈ ગયા,
ખુદ ઘસાઈને અમો કાજે સૌરભ થઈ પ્રસરી ગયા,
બલીદાન એવું આપ્યું કે અમો સમજી ના શક્યા. જીવન એવું જીવી ગયા કે
ક્યારેય ભુલાય નહી, વિદાય એવી લીધી કે ક્યારેય વિસરાય નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ. મોહનભાઈ ભાણાભાઈ પટેલ
સ્વ. ચીમનભાઈ ભાણાભાઈ પટેલ | ગં.સ્વ.પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
હસમુખભાઈ ભાણાભાઈ પટેલ | સુશીલાબેન હસમુખભાઈ પટેલ
ઈશ્વરભાઈ ભાણાભાઈ પટેલ | જૈકોરબેન ઈશ્વરભાઈ પટેલ
મુકેશભાઈ મોહનભાઈ પટેલ | મમતાબેન મુકેશભાઈ પટેલ
નરેશભાઈ મોહનભાઈ પટેલ | બિનીતાબેન નરેશભાઈ પટેલ
બંકિમભાઈ ચીમનભાઈ પટેલ | રૂપલબેન બંકિમભાઈ પટેલ
જીતેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ | કિર્તીબેન જીતેન્દ્રભાઈ પટેલ
પ્રકાશભાઈ હસમુખભાઈ પટેલ | અંકિતાબેન પ્રકાશભાઈ પટેલ
ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલ | પ્રિયંકાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ
ગૌતમભાઈ ઈશ્વરભાઈ પટેલ | આશિતાબેન ગૌતમભાઈ પટેલ
શ્રીનલ, પ્રિત, મિરેન, સેન, કિશ, કુશ, ભવ્ય, પંથ, હૃદય, ફેની, રીંકલ, યક્ષિતા, ક્રિસ્ટીના, પલ, કેયા, દિપલ

દુઃખદ અવસાન



સ્વ. પ્રકાશભાઈ ઈશ્વરલાલ ખરવરી
સ્વ.તા.૧૪/૦૧/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. પ્રકાશભાઈ ઈશ્વરલાલ ખરવરી તા. ૧૪-૦૧-૨૦૨૬, બુધવાર ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. ભગવાન એમના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

સ્મશાન યાત્રા તા. ૧૬-૦૧-૨૦૨૬ ના સ્વરે ૧૧:૩૦ વાગ્યે અમારા નિવાસ્થાન ૪૦૧, રત્નદીપ એપાર્ટમેન્ટ, નાનપુરા સુરત થી ઉમરા સ્મશાન ઘાટ જશે

બેસણું: તારીખ: ૧૮-૦૧-૨૦૨૬ના રોજ સાંજે ૪ થી ૫ કલાક દરમિયાન અમારા નિવાસ્થાને રાખેલ છે.

ગં. સ્વ. હેમાબેન પ્રકાશભાઈ ખરવરી
ભાઈ - સ્વ. પ્રફુલભાઇ ઈશ્વરલાલ ખરવરી
ભાભી - જ્યોતિબેન પ્રફુલભાઇ ખરવરી
બહેન - તારાબેન મનહરલાલ ઝીણા
પુત્રી - શૈફાલી ભાવેશ મરોલીયા
પુત્ર - પ્રતિક પ્રકાશ ખરવરી
પુત્રવધુ - હની પ્રતિક ખરવરી
ભત્રીજો - દિવ્યાંગ પ્રફુલચંદ્ર ખરવરી
ભત્રીજી - વૈશાલી પ્રફુલચંદ્ર ખરવરી
ભત્રીજી - મૃણાલ હિતેન દરજી
ભત્રીજી - હીના પીયૂષ પાનવાલા
ભત્રીજી - નિશા અંગમ પટેલ
દેવર્શ, ધિલન, ધાર્મીક, કાવ્યા
તથા સમસ્થ ખરવરી પરિવાર

દુઃખદ અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે મારા પત્ની સ્વ. રેખાબેન દેવકાંતભાઈ પટેલનું તા. ૧૨/૦૧/૨૦૨૬ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનુ બેસણું તા. ૧૬/૦૧/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

લિ.
પતિ- દેવકાંતભાઈ ચુનીલાલ પટેલ
પુત્ર- રાજકુમાર ડી. પટેલ
પુત્રી- રિધ્ધીકુમારી ડી. પટેલ
દાદા-છગનભાઈ રામુભાઈ પટેલ
દાદી-જસુબેન છગનભાઈ પટેલ
સમસ્ત પરિવાર

સ્વ. રેખાબેન દેવકાંતભાઈ પટેલ
જન્મ તારીખ: ૧-૬-૧૯૮૨
મરણ તા. ૧૨-૦૧-૨૦૨૬
સરનામું:- પટેલ નગર E-16, જહાંગીરપુરા, ફોન નં. ૯૯૧૩૭૮૨૬૧૯

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

માસિક પુણ્યતિથિએ શ્રદધાંજલિ



સ્વ.દિનેશચંદ્ર પ્રેમચંદભાઇ ઘીવાલા
(મોતી કુબેર ઘીવાલા)
સ્વ. તા. ૧૫/૧૨/૨૦૨૫

પ્રેમ અને કર્મથી સહુના મન જીતી લીધા
છાને ખૂણે રડી લઈશું આવશે તમારી યાદ
જ્યાં કુદરત અમારી રૂઠે છે, ત્યાં કોને કરવી ફરિયાદ
મન હજુ માનતું નથી કે પપ્પા તમે અમારી વચ્ચે નથી હયાત
પ્રભુ તમારી આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. ગં.સ્વ.આશાબેન દિનેશચંદ્ર ઘીવાલા
વિમલ દિનેશચંદ્ર ઘીવાલા (પુત્ર) | હિરલ વિમલ ઘીવાલા (પુત્રવધુ)
જસ્મીન રાકેશકુમાર સિંગવાલા (પુત્રી) | રાકેશકુમાર કાંતિલાલ સિંગવાલા (જમાઇ)
રીનલ સની પટેલ (પુત્રી) | સની જગદીશભાઇ પટેલ (જમાઇ)
ઝૈના વિમલ ઘીવાલા (પૌત્રી)
તથા સમસ્ત મોતી કુબેર ઘીવાલા પરિવાર

અશુભ



દિલગીરી સાથે જણાવવાનું કે મારા પત્ની / માતા કમુબેન મોહનભાઈ પટેલનું આજરોજ તા.૧૫/૦૧/૨૦૨૬ ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. જેમનું બેસણું તા.૧૯/૦૧/૨૦૨૬ સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન રાખવામાં આવેલ છે જે જાણશો. પ્રભુને ગમ્યું તે ખરૂં. (તમામ લૌકિક રીવાજો બંધ છે) ૐ શાંતિ.. શાંતિ..

લિ.
મોહનભાઈ પરભુભાઈ પટેલ | રામચંદ્ર મોહનભાઈ પટેલ
બળદેવભાઈ મોહનભાઈ પટેલ | પ્રશાંતભાઈ નગીનભાઈ પટેલ
શશીકાંત મોહનભાઈ પટેલ | પ્રદીપભાઈ મણીલાલ પટેલ

સ્વ. કમુબેન મોહનભાઈ પટેલ
સ્વ. તા.૧૫/૦૧/૨૦૨૬
સ્થળ : સોંસક, નવું ફળિયું, તા.ઓલપાડ, જિ.સુરત

બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઇ જાય. હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઇ ગણો તાણી. હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી, તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી.
સદ્દગુરુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
પ્રવિણભાઈ નગીનભાઈ સોલંકી
ધ્રુવિલકુમાર પ્રવિણભાઈ સોલંકી
હંષિકા પ્રવિણભાઈ સોલંકી
બિંદીયા પ્રવિણભાઈ સોલંકી

સ્વ. હિનાબેન પ્રવિણભાઈ સોલંકી
સ્વ. તા. ૧૬/૦૧/૨૦૨૪
રૂમ નં. ૫૮, છપ્પન ચાલ, રૂદરપુરા